ॐ

# બ્રાહ્મણ શૂદ્રનો

# સંવાદ.

સુધારા વધારા સાથે, આવૃતી ત્રીજી

કરતા.


વ્યાસજી વલ્લભરામ સુર્યરામ

ઠેઃ—અમદાવાદ રાયપુર પખાલીની પોળ.


---


છપાવી પ્રસીદ્ધ કરનાર.

મોક્ષમારગી બેન રાઈમા. પટેલ અમથાભાઈ માધવભાઇની

દીકરી રેહેવાશી ગામ ત્રાલસી અને દેત્રાલ

જીલ્લે—ભરૂચ

સંવત ૧૯૭૫—સને ૧૯૧૯.

---

અમદાવાદ, પાનકોરના નાકે આવેલા ધી મનહર પ્રીન્ટીંગ

પ્રેસમાં મોતીલાલ ગણુપતરામે છાપ્યો.

કીંમત, સાત્વીક બ્રાહ્મણોને મફત. બીજાના ૨ આનાં.

૧૯૩

# સુચના.

આજ કાલ કળીયુગના પ્રવાહે કરીને ઘણાક મનુશો બ્રાહ્મણ વરણની નીંદા કુથલી ને અપકીરતી કરવા રચ્યા મચ્યા રહે છે. તેથી તેના કુળનો ક્ષય થાય છે. તે વિશે એક એવું પ્રમાણ છે કે; **ब्रह्म निंदा कुळ क्षयः** એટલે બ્રાહ્મણની નિંદા કરવાથી કુળનો ક્ષય થાય છે. એવો સત્ય સીધાન્ત જોઇને કોઇ મનુશ બ્રહ્મ નિંદા કરે નહી એવું સમજી જગતના હીતાર્થે આ બ્રાહ્મણ સુદ્રનો સંવાદ છપાવવવા સારૂ ડીબાચા ઉપર નામ આપેલું છે તે બેન રાઇબાએ પોતાના પીતાજીની ધર્મ મારગની મીલકતમાંથી ખર્ચ આપ્યો તેથી અમો નીચે સહીઓ કરનારા માહારાજશ્રીના મોક્ષમારગી સીષ્ય બ્રાહ્મણ વરણ તે આશીરવાદ દેઇએ છીએ જય થાઓ જય થાઓ.

૧ **મોક્ષમારગી, વ્યાસ મગનલાલ દયારામ.**

ઠે:—અમદાવાદ રાયપુર કાપડીવાડ.

૨ **મોક્ષમારગી, છોટાલાલ બેહેચરભાઇ.**

ઠે:—અમદાવાદ ધનાસુથારની પોળ

૩ **મોક્ષમારગી, વ્યાસજી અમથારામ પુરૂશોત્તમ**

ઠે:—અમદાવાદ રાયપુર ભદવા પોળ.

# બ્રાહ્મણ શૂદ્રનો સંવાદ.

સંવત ૧૯૫૨ ના અસાડ માસમાં કોઈ એક સમાજ મંડળીના શુદ્ર જાતી અગીઆર પુરૂષો, અમદાવાદ રાયપુર પખાલીની પોળના નીવાશી વ્યાસજી વલ્લભરામ સૂર્યરામને ઘેર બ્રાહ્મણની બરાબરી થવાનો વિવાદ કરવાના હેતુથી સામા આવિ બેઠા. તે સમે એવી વારતા નીકળી કે દીવશે દીવશે આ દુનીયાની ખવારી થતી જાય છે તેનું કારણ શું?

વ્યાસજી—અન્યાય અધર્મ પાપ પ્રપંચ જુઠ ઝેર અને પોતાની જાતીના અધીકાર વિરૂદ્ધ જે જે કામ અનિતીયોનાં થાય છે તેજ-

એવાં વ્યાસજીના મુખનાં વચન સાંભળી પેલા અગીઆર શુદ્રમાંનો એક શુદ્ર જેણે ઉપવિત ( જનોઇ ) પેહેરેલુ તે બોલી ઉઠયો.

અનિતિ વધવાનું કારણ શું?

વ્યાસજી—બ્રાહ્મણ ક્ષત્રી વૈસ્ય અને શુદ્ર એ ચારે વર્ણ સૃષ્ટીના આરંભથી છે. તેમાંથી બ્રાહ્મણોએ ત્રી વર્ણને ધર્મ સંબંધી જ્ઞાન વૈરાગ્યને ભક્તિ માર્ગનો ઉપદેશ સદાકાળ કરવો જોઇએ તેમ ભરત ભુમીના સનાતન ધર્મનું રક્ષણ કરવું જોઇએ. તે બ્રાહ્મણોનો મુખ્ય ધર્મ છે, એટલે ધંધો છે. તે બ્રાહ્મણોએ મુકી દીધો તેજ અનિતી વધવાનું કારણ છે.

પ્રશ્ન—તમે બ્રાહ્મણ કોને કોહો છો, ને શુદ્ર કોને કહો છો?

ઉત્તર—હાલની બોલવાની રૂઢી પ્રમાણે વેદોક્ત ઉપવિત સંસ્કાર થએલા બ્રાહ્મણોને બ્રાહ્મણ કહેવાય છે. અને ક્ષત્રી વૈસ્ય વિગેરેને હાલની બોલવાની રૂઢી પ્રમાણે શુદ્ર કહેવાય છે.

પ્રશ્ન—તમે બ્રાહ્મણ અને અમે બધા શુદ્ર એવો અમારામાં ને તમારામાં શો ફેર દેખો છો, તે મનુષ્યના એકજ વર્ગની જાતીમાં બ્રાહ્મણ એને શુદ્ર કોહો છો? જુઓ કે તમારો દેહ પંચ ભુતનો છે તેવોજ અમારો દેહ પણ પંચ ભુતનો છે. જેમ તમને હાથ પગ નાક કાન આંખ મોહો છે; તેમ અમારે પણ છે. જેમ તમે ખાઓ છો, પીઓ છો, ને દસ્ત લઘુ શંકા કરો છો, તેમ અમે પણ કરીએ છીએ. જેમ વસ્ત્રાભુષણ તમે પેહેરો છો, તેમ અમે પેહેરીએ છીએ. જેમ તમે જનોઇ પેહેરી છે, તેમ અમે પેહેરી છે. જેમ તમે સં. ધ્યા ગાયત્રી કરી જાણો છો, તેમ અમે કરી જાણીએ છીએ જો તમને અમારા બોલ્યાનો વિશ્વાસ ન આવતો હોય તો, જે સંધ્યા ગાયત્રી તમે કરો છો, તેજ સંધ્યા ગાયત્રી અમે કરી બતાવીએ. વળી જેમ જમતી વખત તમે રેશમી કે ઉનનાં વસ્ત્ર પેહેરો છો, તેમ હાલ અમો પણ પેહેરીએ છીએ, એ રીતે સર્વ કાર્ય કારણને રૂપાકાર જોતાં બરાબર છીએ; છતાં અમે શુદ્ર શાથી ને તમે બ્રા-હ્મણ શાથી? કદી કેહેશો કે અમે બ્રાહ્મણ બ્રહ્મને જાણીએ છીએ, તેમ વેદ વિધ્યા જાણીએ છીએ. તેનો જવાબ; તમારા પ્રમાણે અમો પણ બ્રહ્મને જાણીએ છીએ. તેમ વેદ વિધા પણ જાણીએ છીએ. એ રીતે પ્રત્યક્ષ જોવામાં તો અમારામાં ને તમારામાં કાંઇજ ફેર દેખાતો નથી. છતાં તમે બ્રાહ્મણ કેમ ને અમે શુદ્ર કેમ ?

વ્યાસજી—જુઓ બાહ્ય જોવામાં તો અમારામાં ને તમારામાં તમને કાંઇજ ફેર લાગ્યો નહી. પણ તમારા જાણવામાં ને માન-વામાં ફેર છે કે નહી ?

શુદ્ર—ના.

વ્યાસજી—ભાઇ આતે તમે ન્યાયથી બોલો છો કે મુમતથી બોલો છો?

શુદ્ર—ન્યાયથી બોલું છુ, ને ન્યાયથીજ બોલીશ.

વ્યાસજી—અરે ભાઇ તમે મુમત રહીત ન્યાયને માનો છો માટે ન્યાયથી સાંભળો? જુઓ કે દ્દષ્ટાન્ત વિના સીધાન્ત થાય નહી. માટે તમારૂજ દ્દષ્ટાન્ત તમને આપીને તમારીજ પાસે ન્યાયથી આ-પણુ અને શુદ્ર સિદ્ધ કરાવીએ, તેમાં તમારા મનને કાંઇ ખેદ કરવો નહી. કેમકે જેનું જેવું પ્રષ્ણ તેવો તેને ઉત્તર; જેવો રોગ તેવી દવા આપવી જોઇએ. તે વિશે વૃદ્ધોનું એવું કેહેવત છે કે જેવા દેવ તેવી પુજા. વળી બીજું એવું કેહેવત છે કે, ઢખા-ળાના દેવ ને ખાસડાની પુજા. માટે જેવું તમારૂ પ્રષ્ણ તેવો અ-મારો ઉત્તર થાય, તેમાં તમને કાંઇ ખેદતો નહી થાય?

શુદ્ર—ના માહારાજ મને ન્યાયની વાતમાં ખેદ થતો નથી.

વ્યાસજી—જુઓ ભાઇ તમને ન્યાયની વાતમાં ખેદ થતો નથી માટે પુછીએ છીએ કે જેવું તમારી સ્રીનું પંચ ભુતનું શરીર છે, તેવુંજ તમારી ભગની એટલે બેહેનનું છે. જેવી તમારી સ્રીને મુછો નથી તેવીજ તમારી બેહેનને નથી. જેવાં તમારા સ્રીને હાથ પગ નાક કાન આંખ મોહો વિગેરે છે, તેવાજ તમારી બેહેનને છે જેવાં તમારી સ્રી ચીર ચણીયા ચોળી પેહેરે છે તેવાંજ તમારી બેહેન પેહેરે છે. જેવો તમારી સ્રીને ચોટલો છે તેવોજ તમારી બેહેનને છે, જેવાં એંઠવાડ અબોટ રસોઇનું કામ તમારી સ્રી કરે છે, તેવુંજ તમારી બેહેન કરેછે. વળી તમારી નારી સ્રીજાતિ કહેવાય છે તેમ તમારી બહેન પણ સ્રીજાતી કહેવાય છે. એ બેહેને કોઇ પુરૂષજાતી કહેતું નથી. એ રીતે જગતની વાણી જોતાં

તથા તે બેઉનાં કાર્ય કારણ જોતાં તથા રૂપાકાર જોતાં કાંઇજ ફેર દેખાતો નથી. તથાપી તે બેમાં તમે ફેર જાણો છો ને માનો છો કે નહી ? જો કદી ફેર જાણતા કે માનતા ન હોતો જેવી રીતે સ્ત્રીમાં વર્ત્તી રેહે છે અથવા થાય છે તેવી રીતની વર્ત્તી ભગનીમાં રહેછે અથવા થાય છે કે કેમ ? જવાબ ના, સવાલ એવી વર્ત્તી નહીં રહેવાનુ ને નહી થવાનું કારણ શું ? જવાબ—તેવી વર્ત્તી નજ રહે ને નજ થાય. સવાલ—બેઉનું કાર્ય કારણ ને રૂપાકાર એક છે છતાં એવી વર્ત્તી કેમ ન થાય ?

શુદ્ર—અરે મહારાજ બસ કરો ન્યાય રીતે ઉત્તર આપુતો મને ગાળ પડેછે. માટે તે વાત જવા દો. હવે ન્યાયથી એમ ભાસ્યું કે સ્ત્રીમાં ને બેહેનમાં કાર્ય કારણ ને રૂપાકાર જોતાં કાંઇ ફેર નથી. પણ અત્યારે પુરણ રીતે સમજવામાં આવ્યું કે જેવી રીતે સ્ત્રીમાં ને બેહેનમાં ફેર મનાય છે, ને પોતાનું અંતકરણ ફેર માને છે. તેવીજ રીતે બ્રાહ્મણમાંને શુદ્રમાં ફેર છે, એવું માનવું ને એવું જાણવું તેજ વ્યાજબી છે. વાહ વાહ માહારાજ માહારી સમજ બાહારની વાત હતી તે ન્યાય રીતે અત્યારે સમજવામાં આવી ને માહારો અન્યાય હતો તે માહારે મોઢેથી તમે ન્યાય કરાવ્યો. માટે હવેથી માહારે બ્રાહ્મણમાં ને શુદ્રમાં ફેર જાણવો ને માનવો તેજ ન્યાય છે; તેમ તેજ વિવેક છે. અરે માહારાજ મેં ધણાક ગ્રહસ્તો વૃદ્ધો ને અમલદારો વિગેરે અજ્ઞાનના ભરેલા ને છતથી છકેલા અવિવેકી ભબકાદાર લોકોના કેહેવાથી આ મત મેં ઝાલ્યો હતો કે આ લોક કાંઇ ખોટુ કેહેતા નહી હોય, પણ હવે સમજાયું કે તે લોકોનું કહેવું વિવેક રહીત નાસ્તીકપણાનું ને દ્વેશ બુદ્ધીનું મુમત ભરેલું છે. હવે કેટલુંક પુછવાની ઇચ્છા થઇ છે.

વ્યાસજી—ભલે પુછો.

શુદ્ર—ધણાક વેદાન્તી એમ કહે છે કે ઇશ્વરે જે વારે મનુષ ઉત્પન કર્યાં તે વારે સહુ એકજ વરણનાં કર્યાં હતાં, આ વિશે આપ શું કહોછો?

વ્યાસજી—અરે ભાઈ વેદમાં તો પ્રથમથીજ ચારે વરણ ઉત્પન્ન થઇ છે, એવું લખ્યું છે. તેનું પ્રમાણ.

ब्राह्मणोस्य मुखमासीद्बाहुराजन्यः कृतः ।
उरुतदस्यः पदम्यांॐ शूद्रो अजायत ॥ १ ॥

જો ભાઇ આ વેદના પ્રમાણથીજ સીદ્ધ થાય છે કે સૃષ્ટીના આરંભથીજ ચારે વરણ સરજાઇ છે. વળી ગીતાજીના ચોથા અધ્યાયના ૧૩ મા શ્લોકમાં પણ શ્રીકૃષ્ણે કહ્યું છે કે સૃષ્ટી સરજતાંજ ચારે વરણ સરજી છે.

શુદ્ર—હે માહારાજ માહારા જાણવામાં એમ છે કે ગુણ કરમે કરીને ગમે તે વરણનો હોય પણ તે બ્રાહ્મણ થઇ શકે છે.

વ્યાસજી—હા ભાઇ ઉત્તમ ગુણ કરમે કરીને બ્રાહ્મણ થવાય છે એ વાત ખરી છે. વળી આગળના મહાત્મા પુરૂષો કહી ગયા છે તે ખોટું હોય નહી. પણ તે તમારા સમજ્યામાં અવળુ આવ્યું છે કેમકે કેહેનારનો કેહેવાનો હેતુ એવો છે કે ગુણ કરમે કરીને બ્રાહ્મણ થવાય છે. પણ તે આને આ દેહે નહી. આથી બીજે જનમે ઉત્તમ ગુણ કર્મવાળો બ્રાહ્મણ થાય છે. અને નીચ વરણ થવું હોયતો આને આ જનમે નીચ વરણ થવાય છે. જેમકે કોઇ ઉત્તમ વરણનો નીચ વરણનું ખાઇને વટલે છે તેથી તે તરતજ નીચ વરણ આને આ દેહથી થાય છે. પણ નીચ વરણ ઉત્તમ વરણનું ખાઈ ને કે ઉત્તમ ગુણ કરમે કરીને આને આ દેહે ઉત્તમ વરણ થતો નથી. આ પ્રત્યક્ષ પ્રમાણ છે. છતાં માનવામાં ન આવતું હોયતો અનુભવ કરી જુઓ. માટે અમે તો કહીએ છીએ કે

આને આ દેહથી ઉત્તમ વરણુ નીચ વરણુ થઇ શકે છે. પણુ નીચ વરણુ આને આ દેહે ઉત્તમ વરણુ થઇ શકતો નથી છતાં આંખો મીચીને બોલો તેમાં કોઇ ના કહેતું નથી.

શુદ્ર—વારૂ માહારાજ બ્રાહ્મણુના જેવા ગુણુ કરમે કરીને આને આ દેહથી બ્રાહ્મણુ થાય નહી. એટલે બ્રાહ્મણુની પંક્તીમાં તેનાથી બેસાય નહી. પણુ બ્રાહ્મણુના જેવા ગુણુ કર્મવાળાને બ્રાહ્મણુ કેમ ન કેહેવો ને કેમ ન માનવો ?

વ્યાસજી—આ તમારા પ્રશ્નનો ઉત્તર તમારીજ પાસે કરાવવા યોગ્ય છે. માટે તમને પુછીએ છીએ કે આપણી મા ગુણુ કર્મે સાધારણુ રીતે ચાલનારી હોય, અને આપણી સ્ત્રી આપણી મા કરતાં વિશેષ ગુણી ને ઉત્તમ કર્મ કરનારી હોય તેને મા કેમ ન કેહેવી ને કેમ ન માનવી ? આનો ઉત્તર આપો એટલે તરતજ સમજાશે.

શુદ્ર—બસ, મહારાજ હું આપના આ દ્રષ્ટાન્તથી સમજી ગયો, હવે માહારે કાંઇ પુછવા જેતું નથી. વાહ વાહરે માહારાજ આપનું જે જે કહેવું છે તે ન્યાય નિતિ વિવેકને વ્હેવારમાં અનુસરતું ઘણુજ વજનદાર છે. અને તે પ્રત્યક્ષ પ્રમાણુથી સીદ્ધ છે. છતાં પુછુછું તેનો ઉત્તર આપો. જુઓ મને ઘણુાક એમ કેહે છે કે બ્રહ્મને જાણે તે બ્રાહ્મણુ માટે પુછુછું કે ગમે તે વરણુનો બ્રહ્મને જાણુતો હોય તો તે બ્રાહ્મણુ ખરો કે નહી ? જો આપ ખરો કેહેશો તો ગમે તે વરણુનો આને આ દેહે બ્રાહ્મણુ થઇ શકે છે. અને ના કહેશો તો ब्रह्म जानाती ब्राह्मणः આ વચન મોહોટા પુરૂશોનું ખોટું થશે. આ વિશે આપ શું કહો છો ?

વ્યાસજી—જુઓ ભાઇ બ્રાહ્મણીને પેટ બ્રાહ્મણુના વીર્યથી ઉત્પન થએલો બ્રાહ્મણુ, બ્રહ્મને જાણુતો હોય તેજ બ્રાહ્મણુ. પણુ અન્ય

વરણને પેટ અન્યવરણના વિર્યથી ઉત્પન્ન થએલો બ્રહ્મને જાણતો હોય, તે બ્રહ્મગ્યાની ખરો પણ બ્રાહ્મણ નહી.

શુદ્ર—હે માહારાજ આપનું કેહેવું ન્યાય પુર્વક છે. તેથી અ-માહરૂ અંતઃકરણ કબુલ કરે છે. પણ કેટલાક બ્રાહ્મણના પુત્રો અભ-ક્ષાભક્ષને મદ્યપાનાદીક કરે છે તેને અમે બ્રાહ્મણ કેમ માનીએ ?

વ્યાસજી—જુઓ ભાઇ બ્રાહ્મણનો પુત્ર અભક્ષાભક્ષ અને મધપાન કોઇ કાળે કરે જ નહી.

શુદ્ર—અરે માહારાજ તમે બ્રાહ્મણની પક્ષપાત રાખીને શું બોલો છો ? વારૂ તમે પ્રતીગ્યા પુર્વક એમ કહી શકો છો ? કે બ્રાહ્મ-ણનો પુત્ર અભક્ષાભક્ષને મધપાન કરે નહી ?

વ્યાસજી—હા અમે ઇશ્વર સાક્ષીએ કહીએ છીએ કે કોઇ કાળે બ્રાહ્મણનો પુત્ર અભક્ષાભક્ષને મધપાન કરે નહી, નહીને નહી.

શુદ્ર—જાઓ જાઓ મહારાજ તમે પ્રતીગ્યા ખોટી કરી. કેમકે ઘણાક બ્રાહ્મણના પુત્રોને અભક્ષાભક્ષને મધપાન કરતા મેં માહારી નજરે જોયા છે.

વ્યાસજી—જુઓ ભાઇ તમે જેને જોયા હશે તે બ્રાહ્મણના પુત્ર નહી હોય ? તેતો બ્રાહ્મણીના પુત્ર હશે.

શુદ્ર—વ્યાસજી મહારાજ બ્રાહ્મણનો પુત્ર કેમ?ને બ્રાહ્મણીના પુત્ર કેમ?

વ્યાસજી—બ્રાહ્મણના વિર્યથી બ્રાહ્મણીને પેટ ઉત્પન્ન થયો હોય તેને અમે બ્રાહ્મણનો પુત્ર કહીએ છીએ અને બ્રાહ્મણીને પેટ અન્ય વર્ણના વિર્યથી, અથવા અન્ય વરણનો સંસ્કાર પડવાથી, અથવા અન્ય વરણનું મુખ જોવામાં આવવાથી, અથવા અન્ય વર-ણનો પરછાયો લેવાથી ઉત્પન્ન થએલો હોય, તેને અમે બ્રાહ્મણીનો પુત્ર કહીએ છીએ. અને તે બ્રાહ્મણીને પેટ ઉત્પન્ન થએલો તેથી તે

કહેવા માત્ર બ્રાહ્મણ ખરા, પણ તે શુદ્ધ બ્રાહ્મણ નહી.

શુદ્ર—વાહ વાહ માહરાજ તમે જે પ્રતીગ્ના કરી ને કહ્યું કે તમારી પ્રતીગ્ના ખરી છે. ફક્ત માહારા સમજ્યામાં ફેર હતો. હવે હું એમ પુછુછું કે બ્રાહ્મણીને પેટ અન્ય વરણથી ઉત્પન થએલાને પંગ્તી કેમ આપો છો.?

વ્યાસજી—જુઓ ભાઇ સત્ય ત્રેતાને દ્વાપરમાં વિર્યથી જાતી ગણાતી હતી, ને આ કળીયુગમાં યોનીથી જાતી ગણાય છે. તે વિશે થોડુ પ્રમાણ છે, તે સાંભળો, આગળના યુગોમાં બ્રહ્મબિર્યં નમોસ્તુતે કેહેવાતુ હતું. ને આ યુગમાં બ્રહ્મયોની નમોસ્તુતે કેહેવાય છે, માટે બ્રાહ્મણીની યોનીથી ઉત્પન્ન થએલાને આ યુગમાં પંક્તી અપાય છે. અને આગળના યુગોમાં વિર્યથી પંગ્તી અપાતી હતી, જુઓ કે વાલ-મીકજી ભીલડીના પણ તે બ્રાહ્મણના વિર્યથી થએલા હતા, માટે તે બ્રાહ્મણમાં ગણાતા હતા. તેમજ વેદ વ્યાસજી માછણના પણ તે પારાસુરઋષીના વિર્યથી ઉત્પન્ન થએલા માટે તે પણ બ્રાહ્મણમાં ગણાયા હતા. એજ રીતે કળીયુગમાં યોનીથી જાતી ગણાય છે. માટે પંક્તી આપવામાં બાધ નથી.

શુદ્ર—વાહ વાહ માહારાજ તમોએ જેજે ઉત્તર આપ્યા તે પક્ષપાત રહીત ન્યાય નિતીને વિવેક સહીત પ્રત્યક્ષ વ્યવહારને અનુ-સરતા આપ્યા છે. તેથી એમ પુછુ છું કે હાલની રૂઢી પ્રમાણે કેહેવાતા શુદ્રના પુત્રો ઘણા સારા સદ્દગુણી ને સદાચારી હોય છે. તેમ તે બ્રાહ્મણનાં ને સન્યાસીનાં વેશ ધરી ઉત્તમ કરમો સારી રીતે કરી જાણે છે. એવા સારા નીવડે છે તેનું કારણ શું ?

વ્યાસજી—જે રીતે બ્રાહ્મણોમાં વગળ બતાવ્યો તેજ રીતે શુદ્રાણીમાં વગળ થએલો જાણવો. તે વિશે એક પ્રમાણ એવું છે કે,

**जाति स्वभाव न च्यवत.** એટલે જે મુળ જાતી હોય તે જાતીનો સ્વભાવ કદી જાય નહી. જેમ કે એક ખેતર હોય તેમાં લીંબડાની લીંબોળી (બીજ) વાવીએ તેનો લીંબડો ઉગે. અને તેજ ખેતરમાં સેરડી વાવિએ તો સેરડી ઉગે. હવે જો ભાઈ જે ખેતર છે તે પ્રથવી છે અને તે એકજ ખેતરની જમીન છે તો પણ લીંબડામાં કડવાશ ને સેરડીમાં ગળપણ પ્રથવીના ગુણે કરીને આવતુ નથી. ફક્ત લીંબડામાં ને સેરડીમાં તેના બીજનોજ ગુણ આવે છે. માટે આ ઉપરથી એમ સીદ્ધ થાય છે કે બીજનોજ ગુણ જેમાંને તેમાં આવે છે. તેમ બીજનો ગુણ બદલાતો નથી. એ રીતે સર્વમાં બીજનો ગુણને સ્થળનો સ્વભાવ રેહે છે. તેમ મનુશમાં પણ બીજનો ગુણને સ્થળનો સ્વભાવ આવે છે. તેથી શુદ્રને પેટ જનમેલો, અને આ દેહે બ્રાહ્મણ થવાની ઇચ્છા રાખી બ્રાહ્મણનાં જેવાં ચીન્નો ધારણ કરે. અને બ્રાહ્મણોનાં જે કર્મ કરવાનાં તે પોતે કરે ને અમારામાં ને બ્રાહ્મણમાં કાંઈ ફેર નથી અને બ્રાહ્મણનાંજ કર્મ કરીએ છીએ તેથી બ્રાહ્મણુજ છીએ. એ રીતની જે શુદ્રને મમતાને સ્ફુરણા કુર્યા કરતી હોય તે શુદ્ર જરૂર બ્રાહ્મણના ત્રિર્યથી કે બ્રાહ્મણનુ મુખ જોવાથી કે બ્રાહ્મણનો છાંયો પડવાથી ઉત્પન્ન થએલો હોવો જોઇએ. તેમ અધીકાર વિના જે ત્યાગીનો ડોળ કરે છે તે ત્યાગીનાજ કોઈ પ્રકારના સ્પર્શથી ઉત્પન્ન થએલો હોવો જોઇએ તે વિના બીજી જાતીનો ડોળ કરવાની ઉરમી કોઇને આવેજ નહી જેમકે વડ બોરડીને ખારેકી બોરની કલમ ચડે છે, એટલે વડ બોરડીમાંથી ખારેકી બોર નીકળે છે, એજ રીતે મનુશમાં પણ ફેર થયા વિના જાતી ફેરનાં ડોળ આવેજ નહી. માટે હે શુદ્રભાઇ જેનામાં પોતાના

બાપ દાદાની જાતીના ગુણ લક્ષણ સ્વભાવને કર્તવ્ય હશે તેનેજ પોતાના બાપ દાદાથી ઉત્પન્ન થએલો જાણવો. કેમકે ધર્મ સંબંધી જેજે કાર્ય કરવાનાં તે પોતાની જાતી પ્રમાણે તેને ધાર્મિક કર્મ કરવાંની પ્રવૃત્તી થાય છે અને બીજી જાતીથી ઉત્પન થએલા હશે તેનામાં બીજી જાતીનો ડૉળ કરવાની વૃત્તીયો ઉઠયા કરતી હશે. ને તે તેમ કરતો પણ હશે. જેવો કે બ્રાહ્મણ જાતીમાં હુઆ છતાં જનોઇ કેહેડે કે કોટે વીંટાળી સંતાડી રાખતો હોય ને મહારાજ કહે ખીજવાતો ને લજવાતો હોય તેને બ્રાહ્મ-ણીનો પુત્ર શુદ્ર વરણના કોઇ પણ પ્રસંગથી ઉત્પન થએલો જાણવો. તેમજ શુદ્ર જાતીમાં હુઆ છતાં અધીકાર વિના બ્રાહ્મણના ચીન્હો ધારણ કરતો હોય, અથવા કરવાની ઇચ્છા રાખતો હોય તેમ તેને બોલવાની રૂઢી પ્રમાણે શુદ્ર અથવા કણબી સોની વાણીયો લુહાર વીગેરે જેની જે ગ્નાતી હોય તે ગ્નાતી કહેથી ખીજવાતો કે લજવાતો હોય; તેને શુદ્રીનો પુત્ર બ્રાહ્મણના કોઇ પ્રસંગથી ઉત્પન થએલો જાણવો. વળી બ્રાહ્મણ જાતીમાં હુઆ છતાં અભક્ષાભક્ષ કરતો હોય તેને બ્રાહ્મણીનો પુત્ર માંઉંશઆહારીથી થએલો જાણવો. તેમજ શુદ્ર જાતીમાં હુઆ છતાં અધીકાર વિના સન્યસ્ત એટલે ત્યાગ વેશ ધારણ કરી વ્યક્તા રૂપે કથા વારતાનો બોધ કરી મહાત્મા કેહેવરાવવાની કે પુંજાવવાની ઇચ્છા રાખતો હોય તેને શુદ્રીનો પુત્ર કોઇ વેશ ધારી ત્યાગીથી ઉત્પન્ન થએલો જાણવો. વળી બ્રાહ્મણ વરણમાં હુઆ છતાં મધપાન ધુમ્રપાનતાડી વિગેરેના દુર વ્યસન કરતો હોય તેને બ્રાહ્મણીનો પુત્ર અતી શુદ્રથી ઉત્પન થએલો જાણવો તેમજ શુદ્ર જાતીમાં હુઆ છતાં બ્રાહ્મણની ગાયત્રી જપવાની કે વેદોક્ત કર્મ

કરવાની ઇચ્છા રાખતા હોય, તેને શુદ્રીનો પુત્ર બ્રાહ્મણથી ઉત-પન થએલો જાણુવો.

જુઓ કે માછણુને પેટ પારાસ્વરથી વેદ વ્યાસજી થયા તેમ-નામાં તરતજ બ્રાહ્મણ પદવી ધારણુ કરવાની ઇચ્છા થઇ. ને તેમણે તેમ કર્યું. તેજ બ્રાહ્મણુ બીજનો ગુણુ છે. પણુ તેનામાં માછણુનાં પેટનો ગુણુ આવ્યો નહીં. ને બ્રાહ્મણુ બીજનો ગુણુ આવ્યો માટે હે શુદ્રભાઇ પોતાના વર્ણાસ્રમના રીવાજથી બીજી વર્ણુનો રીવાજ ધારણુ કરે તે બીજી વર્ણુના કોઇ પણુ પ્રસંગથીજ ઉત્પન્ન થએલો હોવો જોઇએ. ને જો પોતાના બાપથી ઉત્પન્ન થએલો હોય તેમાં તેના બાપનાજ ગુણુ લક્ષણુ કાર્ય કર્મને પોતાની વર્ણુના ધર્મ હોવાં જોઇએ. માટે જેજે પોતાના મુળ વરણુાશ્રમથી જુદા વરણુાશ્રમ-ના ધાર્મિક કાર્ય કર્મ કરે છે અથવા કરવાની ચાહના રાખે છે તે જુદી વર્ણુના કોઈ પણુ પ્રસંગથી થએલો હોવો જોઇએ. કેમકે જે બીજથી કે સ્પર્શથી થયો છે તે બીજ કોઇ કાળે પલટાય નહી તે વિશે તુળશીદાસે એક સાખીમાં કહ્યું છે કે, મુળ બીજ પલટે નહી. જો જુગ જાય અનંતઃ ઉંચનીચ ઘર જન્મશે, તોઉ સંતકો સંત—આ ઉપરથી એમ સીદ્ધ થાય છે કે પ્રથમની જે જાતી હોય તેજ જાતીના તેમાં ગુણુ લક્ષણુ સ્વભાવને ધાર્મિક કીયા કર્મ આવે છે. માટે જે પોતાના બાપની જાતી ધર્મ પ્રમાણે ધાર્મીક કર્મમાં રેહેતો હશે તેજ પોતાના બાપથી ઉત્પન થએલો જાણુવો હે શુદ્ર ભાઇ જે પોતાના વર્ણાશ્રમ ધર્મમાં નહી તેને બીજા વર્ણુના કોઇ પણુ પ્રસંગથી ઉત્પન્ન થએલો જાણુવો. માટે હે શુદ્રભાઇ બ્રાહ્મણુનો વાદ લેઇ બ્રાહ્મણુના જેવાં ચીન્હો ધારણુ કરી અમે બ્રાહ્મણુનો વાદ લેઇ બ્રાહ્મણુજ છીએ અથવા બ્રાહ્મણુની તુલ્ય છીએ એમ માની બ્રાહ્મણુની સામે બ્રાહ્મ-

જુની બરાબરી કરવા ચાહોછો તે કેવળ દ્વેશ બુદ્ધીથી કરવા ચાહો છો, જો બ્રાહ્મણ પર તમારી દ્વેશ બુદ્ધી ન હોય ને સહુને પંચ ભૌતીક એકજ વરણ જાણતા હો તો ઢેડ ભંગીયાની સાથે બરાબરી કરવા કેમ ગયા નહી. જો તમે ઢેડ ભંગીયાની પાસે જઇ એમ કહ્યું હોત કે ભાઇ તમે પંચ ભુતના છો, ને અમે પણ પંચ ભુતના છીએ માટે આવો આપણે એક ભાણે બેશી ભોજન કરીયે. અમારામાં ને તમારામાં કાંઇજ ફેર નથી. એમ કહી તેની સાથે બરાબરી કરી અમને દેખાડી હોત તો અમે એમ જાણુત કે તમો બ્રાહ્મણોની સાથે ગુણદ્વેશે બરાબરી કરવા ચાહોછો. પણ આતો તમારે ઉચને નીચ કરવા છે ને તમારે ઉંચાની બરાબર થવું છે. તે તો તમને કળીયુગે કબુદ્ધી આપી છે. વળી જુઓ ભાઇ ગાય ભેંશ ગધેડી કુતરી ભુંડણી તે સરવે એક ચાટમાં મોહોઢાં ઘાલી ભેગાં ખાય છે. તેમનામાં કાંઇ જાતી ભેદ હોતો નથી. તેજ રીતે આપણે મનુષ થઇને જાતી ભેદ નહી ગણીએ ને નહી રાખીએ તો પશુમાં ને આપણામાં કાંઇજ ફેર નથી એમ જાણવું. વળી પશુમાં મા બેહેન કે સ્ત્રીનો વિવેક નથી, ને તે સરવે એક રીતેજ તેમનામાં વરતાય છે. માટેજ તે પશુ અને અગ્નાન ગણાય છે. પણ મનુશમાં તો મા બેહેન ને સ્ત્રીનો તથા બ્રાહ્મણ ક્ષત્રી વેસ્ય અને શુદ્રનો વિવેક રહ્યો છે. તેથીજ આપણ મનુશમાં ગણાયા છીએ. નહી તો પશુના પીત્રાઇ ગણાત. વળી ઉપર કહેલા વિવેકો રાખવાથી ઉતમ દેહી મનુશ ગણાયા છીએ. માટે હે શુદ્ર ભાઇ મનુષનું રૂપ લેઇ કળયુગે તમને નાસ્તીક કરવા સમજાવ્યા હોય એમ લાગે છે. પણ તેનું સમજાવેલુ અધર્મરૂપ ગણી મુકી દો. ને વિવેકમાં આવો.

# વિશેષ સંવાદ.

સંવત ૧૯૬૮ ના ચૈત્ર માસમાં થયો તે.

શુદ્ર—હે માહારાજ તમોએ. ચારે વર્ણનો વિવેક બતાવ્યો તે તો અમને સત્ય ભાસે છે. પણ બ્રાહ્મણોને જમાડવા દાન આપવાં અને પૂજ્યભાવથી પુજવા તેનું કારણ શું ?

વ્યાસજી—હા ભાઇ જુઓ કે સ્રષ્ટીના આરંભમાં બ્રાહ્મણ વરણ માયા, બ્યસીષ્ટ બ્રહ્મના મુખદ્વારાએ ઉત્પન્ન થએલી છે. તે વિશે વેદ પ્રમાણ આપી આગળ કહી ગયા છીએ, તેથી તે પુજવા યોગ્ય છે. તેમ ખવરાવવા યોગ્ય છે. તેમ દાન આપવા યોગ્ય છે.

શુદ્ર—ભલે માહારાજ જેને પુંજવા હોય તે પુંજે પણ અમો પુંજીએ નહી ખવરાવીએ નહી ને દાન આપીએ નહી તો તેથી અમને હરકત શું ?

વ્યાસજી—જો તમે તેમ નહી કરો તો તમને કૃત્યઘ્નીપણાનો દોશ લાગશે. કેમકે બ્રાહ્મણોએ જે જે તમારા ત્રણે વરણોના ઉપકાર કર્યા છે. તે તમોને તમારા માતા પીતાએ પણ કર્યા નથી. માટે તે ઉપકારનો બદલો તમારે વાળવો જોઇએ. અને બદલો વાળવો તેજ તમારો ત્રીવર્ણનો ધર્મ છે. છતાં બ્રાહ્મણ વરણના વિરૂદ્ધ બોલી ઉપકારનો અપકાર કરો તે તમને કૃત્યઘ્ની પણાનો દોશ લાગે છે.

શુદ્ર—અરે માહારાજ બ્રાહ્મણોએ અમારો કે અમારા વડીલોનો ઉપકાર કર્યો છે તે બતાવશો ?

વ્યાસજી—હા ભાઇ જુઓ કે અમારા બ્રાહ્મણ વર્ણના વડીલો ઘણાજ ભોળા દયાળુ ને પરોપકારી હતા તેથી તેમણે પોતાના પુત્રોનું એટલે અમારૂં બગાડીને તમારૂં સુધાર્યું છે.

શુદ્ર—તમારૂં બગાડીને અમારૂં શું સુધાર્યું છે તે કહેશો ?

૧ વ્યાસજી--હા ભાઇ જુઓ અમારા માટે અને તમારા માટે અમોને ચાર પ્રકારની વિદ્યા અમારા વડીલો ભણાવતા હતા, તે ચારે પ્રકારની વિદ્યા ભણવી પડી, એક તો અમારે માટે અમોને બ્રહ્મવિદ્યા. બીજી ક્ષત્રીઓને માટે યુધ્ધ વિદ્યા ત્રીજી વૈશ્યોને માટે વેહેપારની ગણીત વિદ્યા. અને શુદ્રોને માટે દાસત્વ વિદ્યા. એ રીતની ચાર વિદ્યાયો અમને ભણાવતા હતા તે અમારે તમારે માટે માહા દુખ વેઠી ભણવી પડતી હતી. તેમાં અમે અમારે માટે જે ભણતા તેનો તમને પાઠ ચહાવતા નથી. પણ તમારી ત્રણે વરણને ભણાવવા સારૂ અમારે ત્રણે વિદ્યા ભણવી પડતી હતી તેજ તમારે માટે અમારે ઘણું કષ્ટ વેઠવું પડયું છે.

૨ અમારાં વડીલોએ પ્રથમ તમને આવા ક્રારી જાણ્યા નોહોતા, તેથી તમારા સુખને માટે તમને ત્રણે વરણને રેહેવા સારૂ નગ્ર આપ્યાં ને અમને નદિના કિનારા આપ્યા. તમને ઘર, હવેલીયોને મહેલ આપ્યા ને અમને પર્ણકુટીકાઓ એટલે ઝુંપડીયો આપી. તમને હોઢવા પાથરવા તળાઇ ગોદડાં આપ્યાં ને અમને મૃગચમ્બર કે દર્ભની સાદડીયો આપી. તમને પાણી પીવા લોટા લોટી ને પવાલાં આપ્યાં ને અમને તુમડીયો આપી. તમને ચાંલ્લાં કરવા કેસર કંકુ આપ્યાં ને અમને ભસ્મ ( રાખોડી ) આપી. તમને રળી ખાવા ઉદ્યોગને હુન્નર આપ્યા ને અમને માગી ખાવા ભીખ આપી. જુઓ ભાઇ અમારા વડીલોએ અમને લાભ કે સુખ આપ્યું હોય તો જુઓ. ફક્ત તમને ત્રણ વરણનેજ લાભ ને સુખ આપ્યું છે.

૩ તમારા અંગ રક્ષણને માટે અમને વૈદક વિદ્યા શીખવી વળી તેના અનુભવો કરાવ્યા. તે અનુભવો કરતાં કેટલીક જીવનરપ-

તીયો ચાખવી પડી હશે, તે ચ ખતાં કોઇ વનસ્પતી કડવી કોઈ તુરી કોઇ મોળી કોઈ ડાંશી લાગી હશે; ને કોઇ એવી પણ આવી હશે કે જેથી શરીરમાં વ્યાધી થયો હશે; કે કોઇ વનસ્પતીથી મરણ પણ થયું હશે. અરેરે અજ્ઞાનથી છવાઇ ગયેલા ભાઇઓ આ ઉપકાર ભુલી જઇ કૃતઘ્ની થઇ કેમ અપકાર કરો છો ?

શુદ્ર—અરે માહારાજ અમે શું અપકાર કર્યો ને શું કરીએ છીએ તે કહેશો ?

૧ વ્યાસજી—હા, જુઓ ભાઇ અમારા નીરવાહના સાધનો તમે ત્રઇણે વરણે કેટલાંક છીનવ્યાં ને કેટલાંક છીનવવા માંડયાં છે જુઓ કે અમો નિશાળો માંડી વિદ્યા ભણાવી ખાતા હતા, તે હવે તમો ગમે તે વર્ણના માસ્તર કે મેહેતાજી થઇ અમારી તમને ભણાવેલી વિદ્યા તમો અન્યોઅન્ય એક બીજાને ભણાવવા લાગ્યા. તેજ અમારા નીરવાહમાં તમે હાની કરી; તે અપકાર છે.

આ અમારૂ કેહેવું ધ્યાનમાં ન બેસતું હોયતો તમારા વૃધ્ધોને પુછો કે બ્રાહ્મણ શીવાય ત્રણ વરણમાંનું કોઇ પણ નીશાળો માંડી વિદ્યા ભણાવતું હતું ?

બીજુ તમારા વડીલોને પુછો કે બ્રાહ્મણ શીવાય ત્રણ વરણમાંનું કોઇ વૈદક કરતું હતું ? છતાં હાલ તમો ત્રઇણે વરણના ડાક્તર કે વૈદ થઇને વૈદક કરવા લાગ્યા તેજ અમારા નીરવાહમાં હાની કરવા લાગ્યા છો; તે પણ અપકાર છે.

ત્રીજુ એમો કથા વારતા વાંચી જ્ઞાનોપદેશ કરી અમારો નીરવાહ કરતા હતા; તે હવે ત્રણ વરણમાંથી ગમે તે જાતના સંત સાધુ કે ભગત વેશ ધારણ કરી કથા વારતા વાંચવા લાગ્યા, તેથી તે પણ અમારા નીરવાહમાં હાની કરી તે પણ અપકાર છે.

ચોથુ ત્રી વર્ણમાં કોઇનું મરણુ થતુ તેની મર્ણ ક્રીયા શ્રાદ્ધાદીક કરમો કરાવી અમો અમારો નીરવાહ કરતા હતા, તેમાં પણુ હાલના નાસ્તીકોએ તે ક્રીયાઓ મુકી દીધી છે તેમ શ્રાદ્ધ ક્રીયાનું ખન્ડન કરવા માંડયું છે, તેથી અમારા નીરવાહમાં હાની છે તે પણુ અપકાર છે.

પાંચમું અમારા બ્રાહ્મણોમાં કોઇ અભણુ કે અજ્ઞાન હોવાને લીધે ભીખ માગી પોતાનો નીરવાહ કરતા હતા તે હાલ ત્રી વર્ણમાંના ગમે તે જાતનાએ ભીખો માગવા માંડી છે. જુઓ કે કેટલાક પાખંડથી એમ માગે છે કે અરે ભાઇ અમે ગામથી આવતા મારગમાં લુંટાયા છીએ અથવા એમ કહે છે કે અમારી પાસે ખરચી ખુટી ગઇ અથવા અમારી પોટકી ખોવાઇ છે તેથી અમને ધરમ તરીકે આપો, કોઇ કહે છે હું માળીનો છોકરો છું કોઇ કેહે છે હું કુણબી છું, કોઈ કેહે છે હું વાણીયો છું. પણ અમારે આ રીતે ઉપાધી થવાથી નીરાધાર થયા છીએ માટે અમને ધરમ ધારીને આપો. એમ કહી ત્રી વર્ણમાંનાઓએ ભીખ માગવા માંડી તે પણુ અમારા નીરવાહને હાની કરી, કારણુ કે આપનાર લોકો આપી આપી કેટલાને આપે. આએ પણુ અપકાર છે.

અરે ભાઇ કળીયુગના પ્રવાહે કરીને તમારી બુદ્ધીયો કળીરૂપ થઇ ગઇ છે. તેથી ઉપકાર ભુલી અપકાર કરો છો તેજ તમને કૃતઘ્નીપણાનો અતી દોશ બેસે છે. કારણુ કે જેણે આપણા વડીલોને તથા આપણુને ઘણા પ્રકારના ગુણ કર્યા છે તેમાં અવગુણુ કરવા તે માહા પાપીની પ્રીત છે. તે વિશે કોઇ માહાન પુરૂશે એક સાખીમાં કહ્યું છે તે જુઓ—

## સાખી.

અવગુણ કેડે ગુણ કરે, તે રૂડાની રીત;
ગુણ કેડે અવગુણ કરે, તે પાપીની પ્રીત.

આ ઉપરથી એમ સમજો કે ગુણ કેડે અવગુણ કરીએ છીએ તેથી માહા પાપના અધીકારી થઇએ છીએ.

શુદ્ર—અરેરે માહારાજ બ્રાહ્મણોએ કરેલો ઉપકાર તથા બ્રાહ્મણોએ અમારે માટે વેઠેલુ કષ્ટ સાંભળી અમારા હૃદયમાં કરૂણા ઉત્પન્ન થાય છે. કેમકે તમોએ જે જે કહ્યુ તે બધુ સત્ય છે. પણ અમને એમ લાગે છે કે તમે જે જે દુખ વેઠયાં છે તે અમારા સ્વારથને અનુસરીને તમારા પેટ માટે રળી ખાવા વેઠયાં છે તેમાં અમારો ઉપકાર કર્યો હોય એમ ભાસ્તું નથી.

વ્યાસજી—જુઓ ભાઇ ચારે વરણની ચારે વિદ્યા પ્રથમથી અમારીજ પાસે હતી, તેથીજ અમે રળીખાત. અમો તમારી વિદ્યા તમને ભણાવતેજ નહી. પણ અમારા બ્રાહ્મણ વરણના સ્વભાવ ઘણા દયાળુને પરોપકારી હોય છે, તેથી તમોને તમારા વરણાશ્રમની વિદ્યા શીખવી છે. વળી જેમ પીતા પોતાના પુત્રોને પઇસા ખરચી ભણાવે છે ને એમ સમજે છે કે સારૂ ભણીને પુત્ર રળતો થશે એટલે તે આપણા જીવતા સુંધી આપણી પ્રતી પાળણા કરશે. તે રીતે બ્રાહ્મણોએ તમને ભણાવીને વહેપાર હુન્નર વિગેરેથી સુખ આપેલાં છે. છતાં તમે બ્રાહ્મણોનો કેવળ સ્વાર્થ સમજો છો. તે તમારી ભુલ છે.

શુદ્ર—જુઓ માહારાજ તમારી બ્રાહ્મણ વરણે નદી કીનારે રેહેવું જોઇએ તેને બદલે તમો સર્વ નગ્રમાં આવી વસવા માંડ્યું. તમારે ફક્ત ઝુંપડીઓ બાંધવી જોઇએ. તેને બદલે મોહોટી મોહોટી

હવેલીયો બાંધવા માંડી. તમોએ દર્ભની સાદડીઓ કે મ્રગ ચર્મ ઉપર બેસવું સુવું જોઇએ, તેને બદલે તળાઇ ગોદડે ને ગાદીએ બેસવા સુવા માંડયું તમે તુમડા મુકી લોટા લોટીઓ વાપરવા માંડી. તમે તમારી ભસ્મ મુકી કંકુ કેસર વાપરવા માંડયું. તમે રૂપી મુની વેશ મુકી દેઇ અમારા જેવા વેશ ધારણ કર્યા. તમે જપ તપ જ્ઞાન ધ્યાનને ઉપદેશ કરવાનો મુકી અમારા જેવા વેહેપાર રોજગાર નોહોકરી ચાકરી ને હુનરો કરવા માંડયા. તેથી તમો અમોને અમારા જેવાજ ભાસ્યા ને તેવા ભાસવાથીજ તમારા ઉપરથી અમારો પુજ્ય ભાવ ને શ્રદ્ધા ઉઠી ગઇ ને ઉઠી જાય તેમાં કાંઇ નવાઇ જેવું નથી.

**વ્યાસજી**—જુઓ ભાઇ, વિપ્રે રેહેવા દીધા દુર; તેથી તમે થયા ક્રૂર-એટલે બ્રાહ્મણોએ તમારા સુખને માટે નદીના કીનારા ઉપર તમને નહી રાખતાં નગ્રોમાં રાખ્યા. જેમ માતા પીતા ભીનામા સુઇ રહી પુત્રોને કોરામાં સુવાડે, તેમ તમને સુખ આપવા નગ્રોમાં રાખ્યા. એટલે બ્રાહ્મણોથી દુર વસવાને લીધે તમારે બ્રાહ્મણોનો સત્સંગ રહો નહી. તેને લીધે તમે કુર બુદ્ધિના થયા છો. જુઓ ભાઇ પ્રથમ એવું હતું કે બ્રાહ્મણો નદીના કીનારે ઝુપડીઓ બાંધી રહેતા હતા; તેમની ઝુંપડીયોમાં તમો જઇ જઇને બ્રાહ્મણોના નિરવાહનું સર્વ સાહીત્ય ભરી આવતા હતા. ને બે ઘડી બેશી સત્સંગ કરી આવતા. હતા. પણ જેમ જેમ કળીયુગ વ્યાપતો ગયો તેમ તેમ દીવશે દીવશે તમોએ બ્રાહ્મણો પાસે જવાનું ઓછું કર્યું. તેથી તમોને જ્ઞાન નષ્ટ થઇ અજ્ઞાનનું આવણ થયું ને તે થવાથી તમારી કુર બુદ્ધિઓ થઇ. તે વાત બ્રાહ્મણોના જાણવામાં આવવાથી બ્રાહ્મણોએ વિચાર કર્યો કે અરેરે આત્રીવર્ણ છેક ધર્મ ભ્રષ્ટ થઇ જશે માટે તમને છુટા મુકવા યોગ્ય નથી. એમ સમજી બ્રાહ્મણો નદીના કીનારા મુકી દેઇ તમારી જોડે આવી નગ્રમાં

વસ્યા. બ્રાહ્મણોનો રૂષિ મુનીવેશને પંચકેશ જોઇ તમારાં છોકરાં બીહીતાં હતાં. તેથી રૂષિ મુનીનો વેશ ઉતારી નાંખી તમારા જેવા વેશ ધારણ કર્યા તમોને બ્રાહ્મણોના ખરચનો બોજો બહુ ભાસ્યો તેથી કેટલાક દયાળુ બ્રાહ્મણોએ તમને ખરચના બોજામાંથી બચાવવા સારૂ નોહોકરીયો વેહેપાર રોજગાર મજુરી હુનર વિગેરે કરવા માંડયો. અમારે અંગે વિશેશ ભસ્મો ચોળી રાખતા, તેણે કરી તમો અમારો સંગ કરતાં ને અમારી સાથે બહાર જતાં આવતાં તમારા મનથી તમે સરમાતા ને લજવાતા, તેથી ભસ્મો કાઢી નાંખી ને તમારાં જેવાં કેસર કંકુનાં ટીલાં ચાંલ્લા કરવા માંડયા. તમો અમારા ઘરમાં તુંમડાં મ્રગછાલા દર્ભની સાદડીયોથી લજવાઇને અમારા ઘરો-માં આવતા નોહોતા તેથી તમારા જેવાં વાસણ કુસણને તળાઇ ગોદડાં અમોએ વસાવ્યાં કેટલાક બ્રાહ્મણોએ ધર્મ રક્ષણના હેતુથી તમને ધર્મ કર્મને કીવામાં સાબીત રાખવા સારૂ તમારી ગોર પદવિયો લીધી. કેટલાકે તમોને અન્ય વિદ્યાથી અન્ય ધર્મમાં નહી ચડી જવા દેવાના હેતુથી નિશાળો માંડી. કેટલાકે તમને શ્રદ્ધાહીન નહી થવા દેવાના હેતુથી દ્રષ્ટાન્ત રૂપી કથા વારતાઓ સંભળાવવા માંડી તમો ગમે તેના પાણીથી પલાળેલી દવાઓ પીતા હતા. તે નહી પીવા દેવાના હેતુથી કેટલાક બ્રાહ્મણોએ વૈદકની દુકાનો કાહાડી. વળી કળયુગના પ્રવાહે કરી તમો ગમે તે વર્ણની ચાહ પીવા લાગ્યા, ને ભ્રષ્ટ થવા લાગ્યા. તેથી કેટલાક બ્રાહ્મણોએ બ્રાહ્મ-ણીયા પાણીથી ચાહ બનાવીને બ્રાહ્મણીયા ચા બ્રાહ્મણીયા ચા કહીને ચાહ વેચવા માંડી. તમો ગમે તે વર્ણના સેવ મમરાને મીઠાઇઓ ખાવા લાગ્યા તેથી કેટલાક બ્રાહ્મણોએ મીઠાઇની દુકાનો કાહાડી તમે હાવે તો વરણની હોટલોમાં જમવા સરૂ જવા લાગ્ય તેથી

કેટલાક બ્રાહ્મણોએ બ્રાહ્મણીયા વિશીયો કાહાડી; તમે ગમે તે વરણ પાસે રાંધણાં રંધાવા લાગ્યા, તેથી બીચારા બ્રાહ્મણોએ તમોને તમારા સ્વધર્મમાં રાખવા સારૂ પોતે ધર્મભ્રષ્ટ. વટલાએલા જેવા થઇ રસોઇના ધંધા કરવા માંડયા. વળી કેટલાક બ્રાહ્મણોએ તમને ચેતવણી આપવા સારૂ હમેશ ખભે ઝોળીયો ભેરવી ભીક્ષાને બાને માગતાં માગતાં એમ ઉપદેશ કરવા માંડયો કે ઉઠતાં બેસતાં રામ ભજો હાલતાં ચાલતાં રામ ભજો ખાતાં પીતા રામ ભજો. વળી કોઇ એમ કહેવા લાગ્યા કે દયા ધરમકો મુલ હે પાપ મુળ અભીમાન, વળી કોઇ એમ કહેવા લાગ્યા કે ભગવત ભજો અભીમાન તજો. એટલે એમકે અહો આ બ્રાહ્મણોનું પુરૂ કરનાર અમેજ છીએ. એવો અભીમાન જો કોઇ રાખતા હો તે મુકી દો. આટલે સુધી તમારા ભલાને માટે ઘેરે ઘેર ફરી ફરીને સમજાવા લાગ્યા છે. તથાપી કુજાત કળીયુગના ઉછરેલા તેતો એમજ જાણે છે કે બ્રાહ્મણો એમના પેટ માટે આવું આવું કરે છે એમ જાણશો નહી. જુઓ આટલા બધા બ્રાહ્મણોને રોજગાર સુજ્યો તો શું બીજાને નહી સુજતો હોય ? સુજે છે. પણ જો સરવે બ્રાહ્મણો ઉધોગે વળગી જઇ ત્રીવર્ણ ઉપર ટકોર મારવાની બંધ કરશે તો ત્રીવર્ણ તરછટ ધર્મ ભ્રષ્ટ થઇ જશે, એમ સમજીને અમે બ્રાહ્મણો અમારો ધર્મ રક્ષકનો ધર્મ બજાવીએ છીએ. કોઇ ગમે તેમ ટુંકારા કરશો પણ તમોને ધર્મ ભ્રષ્ટ થવા દેવાના નથી નથી ને નથી. જો તમે વટલી જશો તો તમારી સાથે કેટલાક વટલશે પણ તમને હીન્દુ ધર્મથી ભ્રષ્ટ થવા દેશે નહી. કેમકે ચારે વર્ણના ધર્મનું રક્ષણ કરવું તેજ ખરા બ્રાહ્મણનો ધર્મ છે.

શુદ્ર—અરે મહારાજ તમે એમ કહી ગયા કે તમે વટલી જશો તો તમારી સાથે કેટલાક બ્રાહ્મણો વટલશે પણ તમને ધર્મ

ભ્રષ્ટ નહી થવા દે. જ્યારે બ્રાહ્મણો અમારી સાથે વટલી ધર્મ ભ્રષ્ટ થશે ત્યારે પછી બ્રાહ્મણનો ધર્મ રહ્યો કયાં ?

**વ્યાસજી**—બ્રાહ્મણ વટલીને વરણ ભ્રષ્ટ એટલે જાતી ભ્રષ્ટ થશે પણ ધર્મ ભ્રષ્ટ નહી થાય ને તમને થવા નહી દે. એજ બ્રાહ્મણનો ધર્મ છે. જેમ કોઇ છોકરૂં વંઠી જતું હોય તો તેના માબાપ તેનો કેડો લેઇ તેને છુટો મુકતા નથી. તેમ બ્રાહ્મણો પેતે ખરાબ થાય છે પણ તમને છુટા મુકી વઠી જવા દેતા નથી. એટલે ધર્મ ભ્રષ્ટ થવા દેતા નથી, ને થવા દેશે નહી.

**શુદ્ર**—અમારામાંના કીયાની સાથે તમારા બ્રાહ્મણો ભ્રષ્ટ થયા તે બતાવશો ?

**વ્યાસજી**—હા કેટલાક બ્રાહ્મણો વટલ્યા નથી, પણ પોતાના બ્રાહ્મણ ભાઇઓની પંકતી મુકી પંકતી બાહાર થઇ ગયા છે. જેવા કે દરજી ગોર મોચી ગોર લવાર ગોર તે પોતાના ભાઇઓની પંગ્તી મુકી, તમોને સ્વધર્મમાં રાખવા સારૂ તમારૂં ગોર પદુ લીધુ ને તમને હિન્દુ ધર્મમાં પકડી રાખ્યા, વળી કેટલાક સારસ્વત બ્રાહ્મણો પોતાના યજમાનો સાથે વટલાયા, પણ યજમાનોને ધર્મ ભ્રષ્ટ થવા દીધા નહી. વળી કેટલાક હીન્દુ ધર્મમાંથી વટલી ઢેડ થઇ અન્ય ધર્મમાં જતા હતા તો તેમની કેડે કેટલાક બ્રાહ્મણો ગરોડા થઇ ગયા, પણ તેમને હીન્દુ ધર્મમાંથી જવા દીધા નથી. એ રીતે બ્રાહ્મણો આપણા સનાતન ધર્મને માટે પોતે દેહ ભ્રષ્ટ થાય છે પણ ધર્મ ભ્રષ્ટ થતાં નથી ને તેમને થવા દેતા નથી. આ ઉપરથી એટલુંજ જોવાનું છે કે બ્રાહ્મણોએ સનાતન ધર્મનું એટલે હિન્દુ ધર્મનું કેટલું બધું રક્ષણ કર્યું છે ને કરે છે. આ ઉપરથી એમને ધન્યવાદ આપવો ઘટે છે. છતાં બ્રાહ્મણ વરણ ઉપર દ્વેષ લાવો છો તેથી

કેવળ નર્કના અધીકારી થાઓ છો, ને થશો. માટે હે શુદ્ર ભાઇ પોતાની ચાલતી વર્ણ ધર્મ પ્રમાણે વરતીને સ્થીર રહો. પોતાના ચાલતા વર્ણાશ્રમ ધર્મમાં કોઇ પ્રકારની ખામી લાગતી હોય ને પર ધર્મમાં પુર્ણતા લાગતી હોય તો પણ પર ધર્મ ભય ભરેલો જાણવો. તે વિશે ગીતાજીમાં શ્રી કૃષ્ણ પ્રભુએ કહ્યું છે કે પોતાનો જાતી ધર્મ અધુરા પણાનો હોય તો પણ તેમાંજ સુખ છે. ને પર ધર્મ એટલે બીજાતીનો ધર્મ ગમે તેવો ઉત્તમને પુર્ણતાનો હોય પણ તે સદા ભય ભરેલો જાણવો. માટે હે શુદ્ર ભાઇ પોતપોતાના બાપ દાદાનો જે જાતી ધર્મ એટલે પોતના વરણાશ્રમના ધર્મ હોય તેજ પાળો. તેમાંજ સુખ છે.

શુદ્ર—વારૂ મહારાજ તમો આગળ એમ કહી ગયા કે બ્રાહ્મણ વિના ત્રીવર્ણમાંથી ગમે તે વર્ણના સંત સાધુને ભગતોના વેશો ધારણ કરીને કથા વારતા વાંચી લોકોને સંભળાવાને સમજાવા લાગ્યા છે. તેથી બ્રાહ્મણોના નિર્વાહમાં હાની કરે છે માટે પુછુંછું કે બ્રાહ્મણો વિના અન્યવર્ણથી કથા કહીને શું બાજાને સંભળાવાય નહીં.

વ્યાસજી—ના જુઓ કે જેજે કથા વારતા છે. તે વક્તા રીતે બ્રાહ્મણ વીના બીજાથી કહી સંભળાવાય નહી. તેમ બીજાથી સંભળાય પણ નહી. જુઓ કે કથા વારતા બ્રાહ્મણોના વડીલોની રચેલી બ્રાહ્મણોએ પ્રગટ કરી છે. એટલે તે કથા રૂપી ભોજ બ્રાહ્મણની રાંધેલી, તે કોળી વાઘરી પીરસવા રૂપી સર્વને સંભળાવે, ને જમનાર રૂપી સાંભળનારા સાંભળે તેથી તે સાંભળવા રૂપી જમીને વટલે છે. એટલે ભ્રષ્ટ થાય છે. ને તેઓ ભ્રષ્ટ થવાથી પોતાનું કુળ કુટુંબને પ્રજા પર્રાવાર સર્વે ભ્રષ્ટ થાય છે. માટે બ્રાહ્મણ વિના બીજાના મુખથી સાંભળવાનો ને બીજી વરણને બ્રહ્મણની પેઠે

વક્તા રૂપે કહી સંભળાવાનો અધીકાર છેજ નહી. કથા રૂપી ગંગા જળ છે. પણ તે જળ પખાલ્લમાં ભરાઇ આવેલું પીયે તો વટલા-ઇએ છીએ તેમ બ્રાહ્મણવીના અન્ય વર્ણના મુખથી સાંભળેલી કથા પંખાલના પાણી રૂપ છે. ને બ્રાહ્મણના મુખથી સાંભળેલી કથા વાદળીથી વરશેલા પાણીરૂપ છે, માટે બ્રાહ્મણના મુખથીજ કથા સાંભ-ળવી યોગ્ય છે. કદાપી બે ચાર ભાઇઓ, ભાઇ ભાવે વાંચે સાંભળે તેમાં બાધ નથી. પણ બ્રાહ્મણની પેઠે અન્ય વર્ણ કથા કેહે છે ને સાંભળનાર સાંભળે છે, તે કેહેનારને અને સાંભળનારને કેવું ફળ મળે છે. તે રામાયણના અયોધ્યા કાન્ડમાં જુઓ. છતાં અન્ય વરણ વક્તા તરીકે વાંચે છે ને સાંભળનાર સાંભળે છે, તે બેઉને અધીકાર આલં-ગનનું માહા પાપ લગે છે. વળી અન્ય વરણ સંભળાવે એટલે પછી બ્રાહ્મણ કથા કહેતો હોય તેની પાસે સાંભળવા જવાની સાંભ-ળનારને જરૂર રહેતી નથી. તેથી બ્રાહ્મણના નીરવાહમાં હાની થાય છે. તે બીજુ પાપ લાગે છે: તે વક્તા થઇ બીજી ઉત્તમ વરણને નમન કરાવે ને નમનારા નમે તેથી પણ તે બેઉ નર્ક જાય છે.

શુ:—માહારાજ ગમે તે વર્ણનો હોય પણ તેણે સંત સાધુ કે ભગત વેશ ધારણ કર્યો એટલે પછી તેને નમવામાં દોશ હોય નહી. કેમકે આપણે તેને નમવું નથી, તેના બાનાને નમવું છે, તો પછી દોશ હોયજ નહી.

**વ્યાસજી**—અરે ભાઈ વર્ણ જોયા વિના બાનાને તો નમાયજ નહી. જો બાનાને નમાતું હોય તો મુસલમાનનં તબુત એટલે મો-હરમમાં કેટલાક મુસલમાનો ભોંડીના છોટાની જટાયે કરીને તેમ દાઢી મુછો કરીને મોઢે માંથે બાંધી ભસ્મ ચોળી ટીલાં છાપા કરી કોટમાં ખુબ માળાઓ નાંખી રૂશી મુનીનો કે સંત સાધુનો

વેશ ધરી ગમ્મતને સારૂ ઉંટ ઉપર બેશીને કે પગે ચાલીને માળા ફેરવતા ફરે છે, તેને કેમ નમતા નથી. ?

વળી તે વખત કોઇ અમારા જેવો પાસે ઉભો હોય તે એમ કહે કે આ બાનાને નમો, ત્યારે તે વખત તો તમે એમ કોહોછો કે નીચને કેમ મનાય. આ રીતે તમારૂ બોલવું થાય છે. તેમાંનું આ બોલો છો તે ખરૂ ? કે બાનાને નમ્યાનો દોશ નહી એવું બોલો છો તે ખરૂં ? અરે અજ્ઞાની જીવો કાંક સમજો. ને ન્યાયમાં વરતો, જુઓ કે ગધેડી ગંગામાં નાહીને આવતી હોય પણ તેનું પુજન થાય નહી. ને ગાય ઓખર કરીને આવતી હોય પણ તેનું પુજન થાય માટે બ્રાહ્મણ તે બ્રાહ્મણ અને શુદ્ર તે શુદ્ર એમ સમજી પોત પોતાની જાતીના મુળ ધર્મ પ્રમાણે વરતશો તો આ લોકમાં ને પરલોકમાં સુખી થશો. શુદ્ર બ્રાહ્મણ ઉપર દ્વેષ બુદ્ધી રાખી ચેષ્ટાળી કરશો તો જરૂર આ લોકમાં દુખી થશો, ને અંતે નર્કમાં જશો.

શુદ્ર—અરે મહારાજ માહારૂં એક એવું પ્રશ્ન છે કે બ્રાહ્મણો માટે કોઇ એક કવિ એમ કહી ગયા છે કે

બલાં કુત્તા બાંમણાં, સાદાં સુથારાં;
સંપ થોડોને વ્હેર ઘણાં, એ છઠાં ચુનારાં.

આ ઉપરથી એમ પુછુછુ કે બીલાડાં કુતરાંની જોડે બ્રાહ્મણને કેમ ગણ્યા હશે ? તે કૃપા કરીને કહો.

વ્યાસજી—જુઓ ભાઇ આગળ અમે બીજનો ગુણ ને સ્થળનો સ્વભાવ એવું કહી ગયા છીએ તેથી જે બીજ રૂપી બ્રાહ્મણ ને સ્થળ કેહેતાં પ્રથવી રૂપી બ્રાહ્મણી તે બ્રાહ્મણનો ગુણ ને બ્રાહ્મણીનો સ્વભાવ એ બેઉ પોતાના પુત્રોમાં આવે છે, તેથી જે બ્રાહ્મણ

ઝેરીલાં ન્હેરીલા ને દેશી હોય તેનામાં તેની માતાનો સ્વભાવ જાણવો તે વિશે એક દ્રષ્ટાન્ત સાંભળો, દ્રષ્ટાંન્ત દ્વાપરયુગ ઉતરતાં ને કળીયુગ બેસતાં એક સાત્વીક નામના ઋષી હતા તે ઘણા દયાળુ ને પરોપકારી હતા તેમને પેટે એક પુત્રી હતી, તે રૂશીના ઘર આગળ દૈવ ઇચ્છાએ એક ગધેડી વીઆઇ ને તરત મરી ગઇ., તે ગધેડીનું બચ્ચું મા વિના નીરાધાર થયું તેથી તે રૂશીયે તેનો જીવ બચાવવા સારૂ ગાય ભેંસનું દુધ પાઇ પાઇ તેને ઉછેરી જીવાડયું તેથી તે બચ્ચું તે રૂશીના ઘર આગળ બેશી રેહેતું હતું, એવામાં તેજ રૂશીના ઘર આગળ એક વાંદરી ને એક કુતરી વીઆઇ તે એક એક બચ્ચું મુકી બચ્ચાંની માયો તરત મરી ગઇઓ, તેથી તે બેઉ બચ્ચાંને તે સાત્વીક રૂષીએ દયાની ખાતર દુધ પાઇ ઉછેર્યાં. એ રીતે ગધેડીનું વાંદરીનું ને કુતરીનું તે ત્રઇણે બચ્ચાં ઉછેરી મોહોટાં કર્યાં એવામાં એક દહાડો નારદ રૂષી સાત્વીક રૂષીને ત્યાં સેહેજ સ્વભાવે આવ્યા. તે વેળા તે. સાત્વીક રૂશીએ નારદજીને આસન આપી બેસાડયા પછી નારદજીએ પુછ્યું કે મહારાજ આ તમારા ઘરમાં વાંદરી કુતરીને ગધેડીનાં બચ્ચાં કેમ રાખ્યાં છે. ત્યારે રૂશીયે કહ્યું એમની માયો એમને જન્મ આપીને તરત મરણ પામી, તેથી મે દયાની ખાતર ઉછેર્યાં છે. માટે તે હાંઇને હાંઇજ રેહે છે. પછી નારદે પુછ્યું માહારાજ તમારે પેટ પ્રજા શું છે? એટલે રૂશીયે કહ્યું કે એક દીકરી છે. ત્યારે નારદે કહ્યું તેને કયાં પરણાવી છે. રૂશી કહે છે હજી પરણાવી નથી. જો તમે કોઇ સારો બ્રાહ્મણ શોધી લાવો તો તેની સાથે પરણાવું. પછી નારદ કહે છે તમે વિવાહ સામગ્રી તૈયાર કરો હું પરણનાર બ્રાહ્મણને લાવું છું એમ કહી નારદજી એક નગ્રમાં

બ્રાહ્મણોના ફળીયામાં ગયા ને કહ્યું કે અહ્યા બ્રાહ્મણોજો, કોઇને પરણવાની ઇચ્છા હોય તો માહારી સાથે ચાલો; એટલે ચાર બ્રાહ્મણો પરણવા જવા તેયાર થઇ નારદજીની સાથે ચાલ્યા, તેથી નારદજી તે ચારેને લેઇ પેલા સાત્વીક રૂશીને ઘેર આવ્યાને રૂશીને કહ્યું કે આ ચારમાંથી જે વર તમને ગમે તેને પરણાવો. એટલે તે રૂશીએ એક બ્રાહ્મણને પરણાવાની હા કહી ત્યારે પેલા ત્રણ બ્રાહ્મણો કહે અમોને પરણાવ્યા વિના પાછા કાઢશો તો અમે આપઘાત કરી તમને બ્રહ્મહત્યા આપીશું. એવાં ત્રણ બ્રાહ્મણનાં વચન સાંભળી રૂશી ગભરાઇ ઉઠયાં ત્યારે નારદે કહ્યું આ તમારી ઉછેરેલી વાંદરી કુતરી ને ગધેડી તે ત્રણ કન્યાઓ ત્રણે જણને પરણાવો. એટલે રૂષીએ પોતાનું દશ વર્ષનું તપ મુકી ને વાંદરી કુતરી અને ગધેડીને મનુશ્યનો દેહ આપ્યો. પછી પોતાની પુત્રી સહીત ચારે કન્યાં ચાર બ્રાહ્મણોને પરણાવી પછી બ્રાહ્મણોને ચારે કન્યાઓ સાથે પોત પોતાને ઘેર વિદાય કર્યા, તે પછી તે ચારે કન્યાયોને પેટ એક એક પુત્ર થયો તેમનામાં બ્રાહ્મણના ગુણ બ્રાહ્મણ પીતાથી આવ્યો, પણ સ્વભાવ બ્રાહ્મણીનાં લક્ષણનો આવ્યો તેથી બ્રાહ્મણી કન્યાનો દીકરો હતો તે બ્રાહ્મણોને જોઇ બ્રાહ્મણોનું સનમાન કરે તેમ બ્રાહ્મણોને જોઇ અતી આનંદ પામે. જે વાંદરી કન્યાનો દીકરો તે બ્રાહ્મણોને દંતેયારૂપી તીરસ્કારો કરે. ત્રીજો જે કુતરી કન્યાનો દીકરો તે જ્યાં ને ત્યાં ભસવારૂપી બ્રાહ્મણોનીજ નીંદા કર કર કરે. ને ચોથે જે ગધેડી કન્યાનો દીકરો તે બ્રાહ્મણોના ઉપકારમાં બ્રાહ્મણના પેટ ઉપર પાટુ એટલે લાત મારે એ રીતના ચાર પ્રકારના સ્વભાવો માતાના સ્વભાવે કરીને હોય છે. પણ તે બ્રાહ્મણના પુત્રો સમજવા. અને જે બ્રાહ્મણ ધર્મથી વીજાતી ધર્મ પ્રમાણે વરતનારા તે તો બ્રાહ્મણથીજ

થએલા જાણવા. હવે જે વાંહરી કુતરીને ગર્ભવણી કન્યાયોથી થએલાના ખરીરચાવાન સ્વભાવ જોઇ કોઇ કવિએ ભલાં કુતાં બાંમણાં, સાંઢા સુથારાં; સંપ થોડો વ્હેરજ ઘણાં, એ છઠ્ઠાં ચુનારાં એમ કહ્યું છે તે ખરૂં છે. પણ તે તમારે જોવાનું નથી ફક્ત તમારે તો સુદ્ધ બ્રાહ્મણ જોવાંની જરૂર છે, તેમાં પણ જ્ઞાનવાન બ્રાહ્મણ જોઇ તેનો સત્સંગ કરી મનુશદેહ સાફલ્ય કરવાનો છે. એટલે લક્ષચોરાશીનું આવાગમન ટાળવાની જરૂર છે. કાંઇ બ્રાહ્મણોનો વેશ ધારણ કરવાથી કે બ્રાહ્મણોનો ધર્મ પાળવાથી કે બ્રાહ્મણોનો અવતાર આવવાથી આવાગમન ટળતું નથી. ગમે તે વર્ણનો દેહ હોય પણ જ્ઞાન વૈરાગ્ય ને ભક્તી વડેજ લક્ષચોરાશીનું આવાગમન ટળે છે. કાંઇ જનોઇઓ પેહેરવાથી કે ટીલાં તાંણવાથી કે બ્રાહ્મણનાં શટકર્મો કરવાથી આવાગમન ટળતું નથી. ફક્ત યથાર્થ જ્ઞાન વૈરાગ્યને ભક્તીથીજ ટળે છે, માટે બીજાં ત્રીજાં તોફાન મુકી દેઇ પોતાના બાપદાદા જેવી રૂઢીથી ચાલ્યા હોય તેવી રૂઢીમાં રહી મનુશદેહ સાફલ્ય કરો.

શુદ્ર—અરે માહારાજ ક્ષત્રી વેંસ્યને ઉપવિતનો અધીકાર છે. એવું ઘણા ગ્રંથોથી જણાય છે. તો પછી વેસ્યક્ષત્રી ઉપવિત ધારણ કરે, તેમાં કેટલાક બ્રાહ્મણો કટાક્ષ શા માટે કરે છે.

વ્યાસજી—જુઓ ભાઇ બ્રાહ્મણો કટાક્ષ કરે છે, એવું જે તમારા સમજવામાં આવ્યું છે, તે તમારી સમજ ફેર છે. પણ ખરા બ્રાહ્મણોનો હેતુ એવો છે કે તમોએ તમારી આઠ દસ પેહેડીયોથી જનોઇઓ ઉતારી નાંખી છે, તે જનોઇઓ હવે ધારણ કરવી યોગ્ય નથી. કેમકે સાત પેહેડી થઇ ગયા પછી સુતક લાગતું નથી, તો પછી સાત પેહેડી પેહેલાનો હક ખોએલો તે હક મળતો નથી. તથાપી

હાલ પેહેરો છો તે વિધી પ્રમાણે પેહેરતા નથી. કેમકે બ્રાહ્મણના પુત્રને આઠ વર્ષની ઉમરમાં ને ક્ષત્રીના પુત્રને બાર વર્ષની ઉમરમાં ને વેસ્યના પુત્રને સોળ વર્ષની ઉમ્મરમાં જનોઇ દેવી જોઇએ તે પ્રમાણે તમો ધર્મ શાસ્ત્રને અનુસરતા નથી ને મોહોટા ધાડાં થઇ થઇને જનોઇઓ પહેરો છો તે તમો અધર્મ કરો છો તેથી પણ બ્રાહ્મણોને ખોટુ લાગવાથી કટાક્ષ કરતા હશે. બીજુ તમો ઉપવીતની વિધિ પુર્વક ઉપવિત પેહેરતા નથી માટે કટાક્ષ કરતા હશે.

ત્રીજુ વિધીપુર્વક બ્રાહ્મણ વર્ણની પ્રમાણે ખરચ કરતા નથી. ફક્ત સવા પાંચ આના કે સવા રૂપીયામાં જનોઈ પેહેરી બેસોછો તેથી ઘણા પાપના અધીકારી થાઓ છો. માટે તમને પાપથી બચાવવા સારૂ બ્રાહ્મણોને તમારા ઉપર કટાક્ષ હશે. વળી ઉપવિત પહેરી એમ કોહો છો કે અમે બ્રાહ્મણજ છીએ. જેમ લુહાર લોકો જનોઇઓ પેહેરી એમ કહે છે કે અમેજ બ્રાહ્મણ છીએ તે રીતે તમો પણ કેહેશો એવું સમજી કોઇ બ્રાહ્મણો કટાક્ષ રાખતા હશે

શુદ્ર—જુઓ માહારાજ હાલના કેટલાક બ્રાહ્મણોજ અમોને જનોઇ પેહેરવાનું કેહે છે. ને સવા પાંચ આના તો શું? પણ સવા ત્રણ આના માટે જનોઇ પેહેરાવે છે ત્યારે અમે તો તે બ્રાહ્મણના વચનને સત્ય માની તેમના ઉશકેરવાથી ને તેમના પેહેરાવવાથી જનોઇઓ પહેરીએ છીએ; એતો દોશ અમારો કે તમારા બ્રાહ્મણોનો?

વ્યાસજી—ભાઇ બ્રાહ્મણનો પુત્ર તો એવી ખોટી ઉશ્કેરણી કરે નહી ને ઉપવીત આપે નહી. પણ કોઈ બ્રાહ્મણીનો પુત્ર કેહેવા માત્ર બ્રાહ્મણ હોય તેજ એવી ખોટી ઉશ્કેરણી કરી પોતાના પાપી પેટ માટે તમને ઉપવીત પેહેરાવતો હશે. વળી કેહેવત જુઓ કે,

કેહેતા તો દીવાના, પણ સુનવા ભી દીવાના? અરે ભાઇ તમે કેમ કાંઇ તોલ કરતા નથી.

શુદ્ર—મહારાજ અમે તો અજ્ઞાનને અવિદ્વતાથી મુર્ખ છીએ પણ તે અમને કેહેનાર બ્રાહ્મણ કેવો ?

વ્યાસજી—ભાઈ તમો મુરખ, તો તમને કેહેનાર, મુરખનો સરદાર. માટે હે શુદ્રભાઇ શું જનોઇ પેહેરવાથી તમે બ્રાહ્મણ થવાના છો? ના. જુઓ તમારા સાતે પેહેડીના વધ્ધો શું મુરખા હશે? કે તેમણે જનોઇઓ પેહેરી નહી હોય, નાના તે મુરખ નોહોતા એ વડીલો એ જે જનોઇઓ ન પેહેરી તે કાંક સમજીને નહી પેહેરી હોય એવો વિચાર કરીને તમારા બાપ દાદાની રીતી પ્રમાણે વરતશો તેમાંજ તમે સુખી થશો. અપૂર્ણ. શાન્તી-શાન્તી-શાન્તી.

સમાપ્ત.

# મુમુક્ષુઓને સુચના.

હું નીચે સહી કરનાર સર્વ મુમુક્ષુજનોને ખબર આપું છું કે પરબ્રહ્મનીષ્ટ વ્યાસજી વલ્લભરામ સુર્યરામનાં નીચે લખેલા અનુભવી પુસ્તકો મંગાવી વાંચી જોશો તો એમ પુર્ણ ખાતરી થશે કે આ મોક્ષદાતા છે. માટે જેને આધી વ્યાધિ ને ઉપાધીથી રહીત થઇ આવાગમન ટાળવું હોય તેને આ પુસ્તકો વાંચવાની ને વિચારવાની અમો ભલામણ કરીએ છીએ.

| | |
|---|---|
| ૧. ભાવાર્થ પ્રકાસ. | રૂ. ૧—૦—૦. |
| ૨. વિજ્ઞાન વલ્લભ | રૂ. ૦—૩—૩. |
| ૩. મોક્ષ મારગી ભગવદ્ ગિતા | રૂ. ૦—૯—૦. |
| ૪. સંકાસમાધાન | રૂ. ૦—૪—૦. |
| ૫. ન્યાય વલ્લભ. | રૂ. ૦—૪—૦. |
| ૬. બ્રહ્મવાદ ખન્ડન | રૂ. ૦—૧—૦. |
| ૭. વલ્લભપદ માળા | રૂ. ૦—૮—૦. |
| ૮. વચન વલ્લભ | રૂ. ૦—૪—૦. |
| ૯ ધર્મ ચાનક | રૂ. ૦—૦—૬. |
| ૧૦. જ્ઞાન ગોષ્ટી | રૂ. ૦—૦—૬. |
| ૧૧. વય વિચાર, | રૂ. ૦—૦—૬. |
| ૧૨. યોગ તારણ | રૂ. ૦—૦—૬. |

આટલાં તૈયાર છે. વાણી વલ્લભ છપાય છે.

મોક્ષ મારગી, પ; હીરાભાઇ મીઠાભા

ગામ દેત્રાલ. જીલ્લે ભરૂચ.